




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૪ | ૨૫ મે, ૨૦૨૧, મંગળવાર; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# ત્રીજી લહેર બાળકોને વધુ અસર નહીં કરે

### નબળી રોગપ્રતિકારક શક્તિવાળાને બ્લેક ફંગસનો વધુ ખતરો, તે ચેપી ન હોવાનો એમ્સના ડાયરેક્ટર ડો. ગુલેરિયાનો દાવો



નવી દિલ્હી, તા. ૨૪

દેશમાં કોરોના અને રસીકરણની સ્થિતિ પર સ્વાસ્થ્ય મંત્રાલયની પત્રકાર પરિષદમાં એમ્સના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ કહ્યુ કે, આપણે કોરોનાની પ્રથમ અને બીજી લહેરમાં જોયુ કે બાળકોમાં સંક્રમણ ઓછુ જોવા મળ્યું છે. તેથી અત્યાર સુધી લાગતું નથી કે આગળ જઈને કોરોનાની ત્રીજી લહેરમાં બાળકોમાં કોવિડ સંક્રમણ વધુ જોવા મળશે. તેમણે કહ્યું કે, નબળી રોગપ્રતિકારક શક્તિવાળા લોકો મ્યુકોરમાઈકોસિસ, કેન્ડિડા અને એસ્પોરોજેનસ સંક્રમણથી સંક્રમિત થાય છે. આ ફંગસ મુખ્ય રૂપથી સાઈનસ, નાક અને આંખની આસપાસ હાડકામાં મળે છે અને મગજમાં પ્રવેશ કરી શકે છે.

તેમણે કહ્યું કે, કોવિડમાં ક્રોનિક ફેટિગ સિન્ડ્રોમ જોવા મળે છે, તે માટે સિન્ફોમેટિક સારવારની જરૂરીયાત હોય છે. સોશિયલ મીડિયા પર સામાન્ય રીતે બ્રેન ફોગના રૂપમાં જાણીતું વધુ એક લક્ષણ છે, જેને કોવિડ દેખાયું છે. જેને એકાગ્રતામાં મુશ્કેલી આવે છે અને અનિંદ્રા અને અવસાદથી પીડિત છે.

તેમણે કહ્યું કે, કેટલાક લક્ષણ છે જે કોવિડ બાદ જોવા મળે છે. જો આ લક્ષણ ૪-૧૨ સપ્તાહ સુધી જોવા મળે, તો તેને ચાલી રહેલ સિન્ફોમેટિક કોવિડ કે પોસ્ટ એક્યૂટ કોવિડ સિન્ડ્રોમ કહેવામાં આવે છે. જો લક્ષણ ૧૨ સપ્તાહ કરતા વધુ સમય સુધી જોવા મળે છે તો તેને પોસ્ટ કોવિડ સિન્ડ્રોમ કહેવામાં આવે છે. ડો. ગુલેરિયાએ કહ્યુ કે, એવો કોઈ ડેટા નથી જે તે દર્શાવે છે કે વાયરસ જાનવરોથી મનુષ્યમોમાં ફેલાઈ છે. અમારી પાસે માત્ર તે દેખાડનાર ડેટા છે કે વાયરસ મનુષ્યોથી જાનવરોમાં ફેલાઈ છે.

## દેશના ૩ રાજ્યમાં બાળકો પર કોરોનાનો કહેર, લક્ષણો નહીં છતાં સંક્રમિત

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના સંક્રમણના કેસ સતત ઓછા થઈ રહ્યા છે. લોકોને રસી મૂકવા માટે અભિયાન ચાલુ છે. પરંતુ કોરોના વિરુદ્ધ લડી રહેલા ડોકટર્સ અને હેલ્થ કેર વર્કર્સ માટે નવો પડકાર તૈયાર છે. કોરોના સંક્રમણના નિશાને હવે દેશના બાળકો છે.



રાજસ્થાનના બે જિલ્લામાંથી મોટા પાયે બાળકો સંક્રમિત થયા હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. દૌસામાં ૨૨ દિવસમાં ૩૦૦ બાળકો સંક્રમિત થયા અને સીકરમાં ૮૩ દિવસમાં ૧૭૫૭ બાળકો સંક્રમિત થયા. જ્યારે મધ્ય પ્રદેશના સાગરમાં ૩૦ દિવસમાં ૩૦૨ બાળકો સંક્રમિત થયા છે. જ્યારે ઉત્તરાખંડમાં ૨૦ દિવસમાં ૨૦૪૪ બાળકો સંક્રમિત થયા. રાહતની વાત એ છે કે કે તેમાંથી લગભગ તમામ બાળકો સામાન્ય ઉપચાર બાદ સાજા થઈ ગયા. જો કે કેટલીક જગ્યાએથી સારવાર દરિમિયાન બાળકોના મોતના સમાચાર પણ આવ્યા.

અમારો હેતુ તમને ડરાવવાનો નથી પરંતુ સાવધાન કરવાનો છે. જેથી કરીને બાળકોને કોરોના સંક્રમણથી બચાવી શકાય. બાળકોમાં કોરોનાને ફેલાતો રોકી શકાય. પરંતુ સૌથી પહેલા અમે તમને બાળકોમાં કોરોનાના વધતા સંક્રમણના ચોંકાવનારા કેસ અંગે જણાવીએ છીએ.

રાજસ્થાનના દૌસામાં બાળકોમાં ઝડપથી ફેલાઈ રહેલા કોરોના સંક્રમણ વિશે ચોંકી જવાય તેવું છે. દૌસા જિલ્લામાં છેલ્લા ૨૨ દિવસમાં ૩૦૦ બાળકો કોરોના સંક્રમણનો ભોગ બન્યા. પરંતુ સંક્રમિત થયેલા આ બાળકોમાં કોરોનાના કોઈ લક્ષણો જોવા મળ્યા નથી. જો કે હાલ તો દૌસામાં કોઈ બાળક કોરોના સંક્રમિત નથી. દૌસાના સ્વાસ્થ્ય વિભાગે લોકોને અપીલ કરી છે કે બાળકોનું ખાસ ધ્યાન રાખવું.

મધ્ય પ્રદેશના સાગરમાં બાળકો પર કોરોનાનો કહેર જોવા મળ્યો છે. સ્થિતિ જોતા પ્રશાસન અલર્ટ મોડ પર છે. સાગર જિલ્લામાં છેલ્લા એક મહિનામાં ૩૦૨ બાળોક કોરોના વાયરસથી સંક્રમિત થયા. અહીં ૪ બાળકોના સંક્રમણના કારણે મોત પણ થયા.

## કોરોનાના મૃતકોના પરિવારોને વળતર ચૂકવો : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૨૪

સુપ્રીમ કોર્ટે સોમવારે કોરોના વાયરસના સંક્રમણથી મરનારા લોકોના પરિવારને ૪ લાખ રૂપિયા ગ્રેસ રકમ આપવાની વિનંતી કરતી જનહિતની અરજી પર સુનાવણી કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ મુદ્દે કેન્દ્ર સરકારને નોટિસ પણ મોકલી હતી. કોર્ટે કોવિડ-૧૯થી મરનારા લોકોના મૃત્યુનું પ્રમાણપત્ર જાહેર કરવાને લઈ સમાન નીતિની માંગ કરતી અરજી મામલે સરકારને શું કોરોનાથી પીડિત લોકો માટે કોઈ એક સમાન પોલિસી છે એવો સવાલ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને આ મુદ્દે નોટિસ મોકલી હતી અને ૧૦ દિવસમાં જવાબની માંગણી કરી હતી. આ જનહિત અરજીમાં એવી માંગણી કરવામાં આવી છે કે, કોર્ટ રાજ્ય સરકારોને નિર્દેશ આપે કે મૃત્યુના પ્રમાણપત્રમાં કે અન્ય સત્તાવાર દસ્તાવેજોમાં મૃત્યુના કારણ તરીકે કોરોના વાયરસ નોંધવામાં આવે.

સુનાવણી દરમિયાન કેન્દ્રને કોવિડ-૧૯થી મરનારા લોકોના મૃત્યુના પ્રમાણપત્ર જાહેર કરવા અંગેના આઈસીએમઆરના દિશા-નિર્દેશોની જાણકારી ઉપલબ્ધ કરાવવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. પીઠે જણાવ્યું કે, જ્યાં સુધી કોઈ સત્તાવાર દસ્તાવેજ કે મૃત્યુનું પ્રમાણપત્ર જાહેર કરવા એક સમાન નીતિ નહીં હોય જેમાં એવું કહેવામાં આવ્યું હોય કે મૃત્યુનું કારણ કોવિડ હતું ત્યાં સુધી મૃતકના પરિવારજનો જો કોઈ એવી યોજના હોય તો તે અંતર્ગત વળતરનો દાવો નહીં કરી શકે.

**કોરોનાથી મરનારાના પરિવારને સહાયના મુદ્દે સુનાવણી**



## અંતે બાબા રામદેવે એલોપેથી અંગેનું નિવેદન પાછું ખેંચી લીધું

### અમે આધુનિક તબીબી સારવાર, એલોપેથીના વિરોધી નથી, એમ રામદેવે પતંજલિના લેટરપેડ પર સફાઈમાં કહ્યું

નવી દિલ્હી, તા. ૨૪

યોગ ગુરૂ બાબા રામદેવે ડોક્ટરો અને એલોપેથીને લઈને આપેલું પોતાનું વિવાદાસ્પદ નિવેદન પાછુ લઈ લીધું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધનને બાબા રામદેવને પત્ર લખ્યો હતો ત્યારબાદ તેમણે આ નિવેદન પાછું લીધું છે.

ટ્વિટર પર કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધનને સંબોધિત કરતા લખ્યું હતું કે, તમારો પત્ર મળ્યો, તે અંગે સારવારની પદ્ધતિઓના સંઘર્ષના આ સમગ્ર વિવાદને પૂરો કરતા હું મારું નિવેદન પાછું લઉ છું અને આ પત્ર તમને મોકલી રહ્યો છું.

રામદેવે પતંજલિના લેટરપેડ પર પોતાની સફાઈમાં જણાવ્યું છે કે, અમે આધુનિક તબીબી સારવાર અને એલોપેથીના વિરોધી નથી. અમે માનીએ છીએ કે જીવન રક્ષા પ્રણાલી અને સર્જરીના ક્ષેત્રમાં એલોપેથીએ ઘણો વિકાસ કર્યો છે. આ માનવતાની સેવા છે. જે વિડીયો રજૂ કરવામાં આવ્યો છે તે કાર્યકર્તાઓ સાથેની એક બેઠકનો છે. જેમાં તેમણે વોટ્સએપ પર આવેલા એક મેસેજને વાંચીને સંભળાવ્યો હતો. પરંતુ જો તેનાથી કોઈની લાગણીઓને ઠેસ પહોંચી છે તો તેમનો મને અફસોસ છે.

આ પહેલા ડો. હર્ષવર્ધને પોતાના પત્રમાં કહ્યું હતું કે કોરોના વિરદ્ધ જંગમાં દિવસ રાત સેવા કરી રહેલા ડોક્ટરો અને અન્ય સ્વાસ્થ્ય કર્મીઓ ભગવાન સમાન છે. રામદેવના આ નિવેદને કોરોના યોદ્ધાઓનું અપમાન કર્યું છે અને સમગ્ર દેશની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. તેથી તેઓ પત્ર લખીને પોતાનું વાંધાજનક નિવેદન પાછું લેવાની અપીલ કરી છે. તેમણે પત્રમાં લખ્યું છે કે, એલોપેથિ દવાઓ અને ડોક્ટરો પરની તમારી ટિપ્પણીથી દેશવાસીઓની લાગણીઓને ઠેસ પહોંચી છે.

## ૧૮-૪૪ના વયજૂથ માટે રસીકરણની નોંધણી દેશમાં મરજીયાત, ગુજરાતમાં ફરજીયાત

### દેશમાં લોકોને રસી અપાવવા ઓનલાઇન એપોઇન્ટમેન્ટ લેવાની જરૂર નથી, ગુજરાતમાં ફરજિયાત

નવી દિલ્હી, તા. ૨૪

રસી લેનારાઓની સુવિધા માટે કોવિન પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી, પરંતુ જ્યારથી ૧૮-૪૪ વર્ષની વયનાં લોકો માટે રસીકરણ શરૂ થયું છે ત્યારથી, હજારો લોકો દરરોજ કોવિન પોર્ટલ પર રસીકરણ અને ખાલી જગ્યાઓ માટે સ્લોટ બુક કરાવવા માટે આવે છે. લોકોની આ સમસ્યાને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રાલયે મોટો નિર્ણય લીધો છે. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે હવે ૧૮-૪૪ વર્ષની વયના લોકો હવે કોઈ પણ એપોઈન્ટમેન્ટ વિના કોઈ પણ સરકારી રસીકરણ કેન્દ્રમાં રજીસ્ટ્રેશન અને એપોઈન્ટમેન્ટ લઈ શકે છે. તેની શરૂઆત આજથી એટલે કે ૨૪મી મેથી થઈ ગઈ છે.

મંત્રાલયે કહ્યું છે કે હવે ૧૮-૪૪ વર્ષના બાળકોને રસી અપાવવા માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવાની જરૂર નથી. જો તમે પહેલાથી નોંધણી કરાવી લીધી હોય તો તે સારૂ છે, નહીં તો તમારે રસીકરણ કેન્દ્ર પર નોંધણી કરાવી લેવી પડશે અને તે પછી તમને એપોઈન્ટમેન્ટ અને રસી મળશે. મંત્રાલયે કહ્યું છે કે ઓનલાઈન નિમણૂક દરમિયાન ઘણી જગ્યાએ રસી બરબાદ થતી હોવાનાં રિપોર્ટ પ્રાપ્ત થયા છે, ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કોવિન પોર્ટલ પર નોંધણી કર્યા પછી ઓનલાઈન સ્લોટ બુક કરાવવી પડતી હતી, જેમાં લોકોને ઘણી મુશ્કેલી પડી રહી છે. આ વિશે રાજ્યનાં આરોગ્ય વિભાગનાં અગ્ર સચિવ ડૉ.જયંતી રવિએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્યમાં ૧૮થી ૪૪ વયના લોકો માટે કોરોના વેક્સિનેશન હવે ઓનલાઈન રજિસ્ટ્રેશન વિના ઓન સ્પોટ રજિસ્ટ્રેશનથી થઈ શકશે તેવા જે અહેવાલો પ્રચાર માધ્યમોમાં વહેતા થયા છે તેમાં કોઈ તથ્ય નથી. સરકાર દ્વારા હાલ જે




રીતે વેક્સિનેશનની પ્રક્રિયા પ્રાયોર રજિસ્ટ્રેશનથી સ્થળ, સમય અને તારીખ આપીને કરવામાં આવે છે તે જ પ્રક્રિયા હાલ રાજ્યમાં યથાવત્ છે. સરકારે હાલની વેક્સિનેશન માટે વેબસાઈટ અને એપના માધ્યમથી રજિ.ની જે પદ્ધતિ છે એ યથાવત રાખેલી છે.

## આવ્યા છીએ તો કેસ ઉકેલીને જ જઈશું : ટિકૈત

નવી દિલ્હી, તા. ૨૪

હિસાર ખાતે કમિશનર ઓફિસનો ઘેરાવો કરવા માટે ખેડૂતો ક્રાંતિમાન પાર્કમાં એકઠા થવા શરૂ થઈ ગયા હતા. જિંદ ખાતેથી આવનારા ખેડૂતો બરવાલા થઈને બાડો પટ્ટી ટોલ ખાતે એકત્રિત થયા હતા. રોહતક, દાદરી અને હાંસી બાજુથી આવનારા ખેડૂતો રામાયણ ટોલ પ્લાઝા ખાતે એકઠા થયા હતા. ખેડૂત નેતા રાકેશ ટિકૈત પણ રામાયણ ટોલ ખાતે પહોંચી ચુક્યા હતા. આ દરમિયાન ટિકૈતે આવી ગયા છીએ તો કેસ ઉકેલીને જ જઈશું, આમનું ભવિષ્યનું મગજ પણ ઠીક કરીશું તે અર્થનું નિવેદન આપ્યું હતું.

સિરસા, ફતેહાબાદ ખાતેથી આવનારા ખેડૂતો લાંધડી ટોલ પ્લાઝા ખાતે એકત્રિત થઈને ચાલી રહ્યા છે. લોહારૂ, બહલ તરફથી આવનારા ખેડૂતો ચૌધરીવાસ ટોલ ખાતે એકઠા થયા છે. પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ પણ સતર્ક થઈ ગઈ છે. પોલીસે ક્રાંતિમાન ચોકથી લઈને લઘુ સચિવાલય સુધી ૩ નાકા લગાવ્યા છે. લઘુ સચિવાયલ બહાર ૩ લેયર સિક્યોરિટી લગાવવામાં આવી છે.







## યાસ વાવાઝોડું ૨૬મીએ બંગાળ, ઓડિશાના દરિયા કિનારે ટકરાશે

### લો પ્રેશરે વિકરાળ વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કર્યું : ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાઇ શકે છે, વાવાઝોડાની અસર ૨૭મી મે સુધી રહી શકે છે

નવી દિલ્હી, તા. ૨૪

બંગાળની ખાડીમાં બનેલા લો પ્રેશરે હવે વિકરાળ વાવાઝોડા 'યાસ'નું સ્વરૂપ ધારણ કરી લીધું છે. હવે તે ઉત્તર- ઉત્તર પશ્ચિમ તરફ ધીમે-ધીમે આગળ વધી રહ્યો છે. તેની ગતિ વધીને તે ભીષણ ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જશે. હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી ૨૪ કલાક દરમિયાન ગંભીર ચક્રવાતી તોફાન ઉત્તર- ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધવાનું ચાલુ રાખશે. ૨૬ મે સવાર સુધી ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયા કિનારે ટકરાશે. આ દરમિયાન ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફંકાઈ શકે છે.



હવામાન વિભાગ અનુસાર, તે પારાદીપ અને સાગર દ્વીપ વચ્ચે ૨૬મી મેના રોજ બપોરની આસપાસ અતિ ભીષણ ચક્રવાતી તોફાનના રૂપમાં પહોંચવાની સંભાવના છે. હવામાન વિભાગે ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, ઝારખંડ, બિહાર, આસામ, મેઘાલય, સિક્કીમ સહિતના રાજ્યોના મુખ્ય સચિવને એલર્ટ મોકલ્યું છે. હવામાન વિભાગ અનુસાર, વાવાઝોડાની અસર ૨૭ મે સુધી રહી શકે છે.

બીજી બાજુ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઓડિશા, આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીઓ અને અંડમાન નિકોબાર દ્વીપ સમૂહના ઉપરાજ્યપાલ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરશે. જેમાં વાવાઝોડા યાસને લઈને તૈયારીઓની સમીક્ષા કરશે.

હવામાન વિભાગ અનુસાર, વાવાઝોડાની અસરથી બંગાળમાં ગંગા તટના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ કક્ષાનો વરસાદ ખાબકી શકે છે. ૨૭મી મે કેટલાક સ્થળે ભારે વરસાદ ખાબકી શકે છે. બંગાળની ખાડી, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના કિનારે દરિયામાં હાઈ ટાઈડની સ્થિતિ સર્જાઈ શકે છે. દરિયો તોફાની બનનાર હોઈ માછીમારોને બીજી સૂચના ન મળે ત્યાં સુધી સમુદ્રમાં નહીં જવાની તાકીદ કરી દેવાઈ છે.

## યલો ફંગસનો પ્રથમ કેસ ગાઝિયાબાદમાં

કોરોનાના કહેરની વચ્ચે બ્લેક ફંગસ અને વ્હાઈટ ફંગસનો કહેર પણ જોવા મળી રહ્યો છે ત્યારે હવે યેલો ફંગસનો પ્રથમ કેસ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં યેલો ફંગસનો પ્રથમ કેસ જોવા મળ્યો છે. યેલો ફંગસ, બ્લેક અને વ્હાઈટ ફંસગ કરતાં પણ વધારે ખતરનાક છે. આ લક્ષણને મુકોર સેપ્ટિકસ (યેલો ફંગસ)નું નામ આપવામાં આવ્યું છે. ગાઝિયાબાદમાં યેલો ફંગસનો કેસ સામે આવ્યો છે.